# આરાધના સંગીત એકેડેમી

Established - 2001 Govt. Regd. - 2005

**(International Recognised)**

માન્યતા – યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર અને
ગુજરાત રાજ્ય સંગીત નાટક એકેડેમી, ગાંધીનગર નોંધણી નંબર 334
7, એસ. એમ. કમ્પાઉન્ડ, પંજાબ નેશનલ બેંન્કની બાજુમાં, સેટેલાઈટ રોડ, અમદાવાદ-380 015,
ગુજરાત, ભારત, નોંધણી : E/17231 / અમદાવાદ
ફોન : 9898069350, 9265897818
e-mail : drmonicashah@gmail.com website : www.aradhanasangeetacademy.com


# સંગીત પ્રારંભિક - ગાયન

કુલ ગુણ : ૫૦ ક્રિયાત્મક ગુણ : ૪૦ શાસ્ત્ર (મૌખિક) ગુણ : ૧૦

## : ક્રિયાત્મક :

પ્ર-૧. રાગજ્ઞાન : ૧. રાગ સંખ્યા ૫ : ભૂપાલી, દુર્ગા, સારંગ, કાફી તેના આરોહ, અવરોહ અને પકડ સાથે.
૨. ઉપરોક્ત દરેક રાગમાં એક એક સ્વરમાલિકા અને એક એક સરળ ગીત હાથેથી તાલ આપીને ગાતાં આવડવું જોઈએ.

પ્ર-૨. સ્વર જ્ઞાન : ૧. શક્ય હોય ત્યાં સુધી ષડ્જનો આધાર લઈને સાતેય સ્વરો આરોહ-અવરોહમાં ગાતાં આવડે એટલું જ્ઞાન.
૨. અલંકારો : પાંચ અલંકારો નીચે પ્રમાણે છે :
(૧) સા સા, રે રે
(૨) સા રે ગ, રે ગ મ
(૩) સા સા સા, રે રે રે
(૪) સા રે ગ ગ, રે ગ મ મ
(૫) સા રે સા રે ગ, રે ગ રે ગ મ
(૬) સા રે ગ મ, રે ગ મ પ વગેરે.

પ્ર-૩. તાલજ્ઞાન : તાલ દાદરા, ત્રિતાલ, કેરવા (૮ માત્રા) અને ઝપતાલ તેના બોલ, માત્રા, ખાલી અને તાલી સાથે સંપૂર્ણ માહિતી.

પ્ર-૪. સુગમસંગીત : રાષ્ટ્રગીત : 'જનગણ મન' અને બીજાં કોઈ પણ ત્રણ ગીત કે ભજન.

## : શાસ્ત્ર :

પ્ર-૧. અભ્યાસક્રમના રાગોની અને તાલોની પ્રાથમિક માહિતી.
પ્ર-૨. સંગીત, આરોહ અને અવરોહ એ પારિભાષિક શબ્દોની વ્યાખ્યા.
પ્ર-૩. તાલ-દાદરા, ત્રિતાલ, કેરવા (૮ માત્રા), ઝપતાલની સંપૂર્ણ માહિતી.

# સંગીત પ્રવેશિકા (પ્રથમ વર્ષ) - ગાયન

કુલ ગુણ : ૧૦૦ ક્રિયાત્મક ગુણ : ૮૦ શાસ્ત્ર (મૌખિક) ગુણ : ૨૦

## : ક્રિયાત્મક :

પ્ર.-૧. રાગજ્ઞાન : (૧) રાગ સંખ્યા :
ભૂપાલી, દુર્ગા, સારંગ, કાફી, દેશ, ખમાજ, ભીમપલાસી, ભૈરવી તેના આરોહ-અવરોહ અને પકડ સાથે.

(૨) ઉપરોક્ત દરેક રાગમાં એક એક સ્વરમાલિકા અને એક એક ગીત હાથથી તાલ આપીને ગાતાં આવડવું જોઈએ. તેમાં દાદરા, ત્રિતાલ અને દ્રુત એકતાલનો સમાવેશ થવો અનિવાર્ય છે.

(૩) ઉપરોક્ત રાગોમાંથી કોઈપણ ચાર રાગનાં ગીત તેનાં આલાપતાન અને બોલતાન સાથે કરવાં. જેમાં સ્થાયીના ચાર અને અંતરાના બે આલાપ અને સ્થાયીની બે બોલતાનો તથા બે તાનોનો સમાવેશ થવો જોઈએ.

(૪) રાગ ઓળખ : અભ્યાસક્રમમાંના દરેક રાગ સરળ આલાપ અથવા સ્વરો દ્વારા ઓળખી શકે તેટલું જ્ઞાન.

પ્ર.-૨. સ્વરજ્ઞાન : (૧) ષડજ્ સ્વરના આધારે સાતેય શુદ્ધ સ્વરો ગાતાં તથા ઓળખતાં આવડવા જોઈએ તથા એક સાથે બે નજીકના શુદ્ધ સ્વરો સુધી ગાતાં તથા ઓળખતાં આવડે તેટલું જ્ઞાન આવશ્યક છે.

(૨) અલંકારો : પ્રારંભિકના પાંચ તથા બીજા નીચે મુજબના પાંચ મળી કુલ દસ અલંકારો તાલબદ્ધ ગાતાં આવડવા જોઈએ.

(૧) સા ગ, રે મ, ગ પ

(૨) સા, સા રે સા, સા રે ગ રે સા

(૩) સા રે ગ મ પ, રે ગ મ પ ધ

(૪) સા રે, સા રે ગ મ, રે ગ, રે ગ મ પ

(૫) સાં, સાં ની સાં, સાં ની ધ ની સાં વગેરે.

પ્ર.-૩. તાલજ્ઞાન : પ્રારંભિકના તાલ ત્રિતાલ, દાદરા, કેરવા (૮ માત્રા), ઝપતાલ ઉપરાંત એકતાલ, કેરવા (૪ માત્રા) તેની સંપૂર્ણ માહિતી બોલ, માત્રા, સમ, તાલી, ખાલી, ખંડ વગેરે સાથે આવડવા જોઈએ.

પ્ર.-૪. સુગમ સંગીત : (૧) રાષ્ટ્રગીતો : જન ગણ મન, વંદેમાતરમ્ તથા ઝંડાગીત વિજયી વિશ્વ તિરંગા પ્યારા.

(૨) પ્રાર્થના ગીત, રાષ્ટ્ર ચેતનાનાં ગીત, ભજન, લોકગીતોમાં દરેક પ્રકારનું એક એક ગીત.

## : શાસ્ત્ર :

પ્ર.-૧. નીચેના પારિભાષિક શબ્દોની સંક્ષિપ્ત વ્યાખ્યાઓ :

સંગીત, નાદ, ઘોંઘાટ, સ્વર અને તેના પ્રકાર (શુદ્ધ, વિકૃત (કોમળ – તીવ્ર)), આરોહ, અવરોહ, પકડ, સપ્તક અને તેના પ્રકાર (મંદ્ર, મધ્ય, તાર), રાગ, રાગની જાતિ (ઓડવ, ષાડવ, સંપૂર્ણ), વાદી, સંવાદી અને વર્જિત સ્વરો, અલંકાર (પલટા), સ્થાયી, અંતરા, તાલ અને લય.

પ્ર.-૨. અભ્યાસક્રમમાંના રાગોની શાસ્ત્રીય માહિતી તેના વર્ણન સાથે એટલે કે તેના સ્વર, આરોહ, અવરોહ, જાતિ, પકડ, વાદી, સંવાદી, વર્જિત સ્વર તેમજ ગાવાનો સમય વગેરે.

પ્ર.-૩. પ્રથમ વર્ષના બધા તાલના ઠેકા (બોલ) તેની માત્રા, વિભાગ (ખંડ), સમ, તાલી, ખાલી વગેરેનું જ્ઞાન.

# સંગીત પ્રવેશિકા પૂર્ણ (બીજું વર્ષ) - ગાયન

## (એસ.એસ.સી. સમકક્ષ)

કુલ ગુણ : ૧૫૦ | ક્રિયાત્મક ગુણ : ૧૨૫ | શાસ્ત્ર (મૌખિક) ગુણ : ૨૫

સૂચના : આ વર્ષથી સ્વરપેટી કે તાનપુરાના સ્વર પર ગાતાં આવડવું જોઈએ.

**: ક્રિયાત્મક :**

પ્ર-૧. રાગજ્ઞાન : ૧. રાગ સંખ્યા ૮. યમન (કલ્યાણ), બિહાગ, કેદાર, તિલંગ, પટદીપ, બાગેશ્રી, માલકૌંસ, આશાવરી (જૌનપુરી) તેના આરોહ, અવરોહ અને પકડ સાથે.

૨. ઉપરોક્ત દરેક રાગમાં એક એક સ્વરમાલિકા અને એક એક ગીત હાથથી તાલ આપીને ગાતાં આવડવું જોઈએ. તેમાં ત્રિતાલ, દ્રુત એકતાલ અને ઝપતાલનો સમાવેશ થવો અનિવાર્ય છે.

૩. આ વર્ષના અભ્યાસક્રમમાંથી કોઈ પણ પાંચ રાગનાં ગીત, આલાપતાન, બોલતાન મળીને કુલ ૧૨ની સંખ્યામાં કરવા જોઈએ. (સ્થાયી અંતરાના ૬ આલાપ, ૩, બોલતાન અને ૩ તાન.)

૪. આ વર્ષના રાગોમાંથી કોઈ પણ બે રાગમાં બે ધ્રુપદગીત તેની દુગુણ સાથે હાથથી તાલ આપીને ગાવાં જોઈએ. તેમજ અત્યાર સુધી શીખેલા રાગોમાંથી કોઈ પણ બે રાગમાં બે લક્ષણગીત આવડવાં જોઈશે.

૫. આ વર્ષના રાગોમાંથી કોઈ પણ ચાર રાગના સ્વર વિસ્તાર કરવાની આવડત.

૬. રાગ ઓળખ : ગાઈ બતાવેલા આલાપ અથવા સ્વરસમૂહ દ્વારા પ્રથમ તથા બીજા વર્ષના રાગ ઓળખવાનું જ્ઞાન.

પ્ર-૨. સ્વરજ્ઞાન : (૧) શુદ્ધ સ્વરો એક એક સ્વરના અંતરવાળા ત્રણના સમૂહમાં ગાતા તથા ઓળખતા આવડે તેટલું જ્ઞાન જેમ કે સા ગ પ, પ ની સાં, સાં ધ પ વગેરે.

(૨) અલંકાર : નીચેના છ અલંકાર હાથથી તાલ આપીને ગાતા આવડવા જોઈએ.
(૧) ગરેસા, મગરે (૨) સારેસાગ, રેગરેમ (૩) સારેસાગરેસા, રેગરેમગરે (૪) સારેગ મગરે, રેગમ પમગ (૫) સારેગ સારેગમ, રેગમ રેગમપ (૬) સામ, રેપ

પ્ર-૩. તાલ અને લયજ્ઞાન :(૧) નવા તાલ-ચૌતાલ, તેવરા અને રૂપક તથા પાછલા વર્ષના અભ્યાસક્રમમાંના બધા તાલોનું જ્ઞાન. તાલોની સંપૂર્ણ માહિતી, માત્રા, બોલ, ખંડ, સમ, તાલી, ખાલી વગેરે સાથે લખતાં આવડવી જોઈએ.

(૨) અભ્યાસક્રમમાં આવતા બધા જ તાલનું હાથેથી તાલ આપી દુગુણ કરવાનું જ્ઞાન.

પ્ર-૪. સુગમ સંગીત : (૧) રાષ્ટ્ર ચેતનાનાં ગીતો, ભજન (હિન્દી કે ગુજરાતી) તથા રાસ-ગરબા મળી કુલ ચારની સંખ્યામાં ગીતો કરવાં.

વિશેષ : વાદ્યમાહિતી : તાનપૂરા અને તબલાંનો સામાન્ય પરિચય.

## : શાસ્ત્ર :

પ્ર-૧. નીચેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓ :
આવર્તન, થાટ (મેલ), ધ્વનિ, રાગની જાતિ અને તેના પ્રકાર, અનુવાદી, વિવાદી, આલાપ, તાન, બોલતાન, લય અને તેના પ્રકારો (વિલંબિત, મધ્ય, દ્રુત), બોલ (ઠેકા), માત્રા, સમ, તાલી, ખાલી, વિભાગ (ખંડ), દુગુણ.

પ્ર-૨. નીચેના વિષયોનું સામાન્ય જ્ઞાન :
(અ) ભારતીય સંગીતની મુખ્ય બે પદ્ધતિઓ : ઉત્તર હિન્દુસ્તાની અને દક્ષિણ હિન્દુસ્તાની (કર્ણાટકી)
(બ) વાદ્યોના પ્રકારો અને વાદ્યોનું વર્ગીકરણ (ક) ગીતના અવયવો : સ્થાયી, અંતરા, સંચારી, આભોગ.

પ્ર-૩. નીચેના ગીત પ્રકારોની (પ્રબંધ) સામાન્ય માહિતી : સ્વરમાલિકા અથવા સરગમ, લક્ષણગીત, ધ્રુપદ, નાના ખ્યાલ, ભજન, લોકગીત.

પ્ર-૪. કોઈ પણ એક રાગમાં સ્વરમાલિકા લિપિબદ્ધ લખવાની ક્ષમતા.

પ્ર-૫. પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર અને પં. વિષ્ણુ નારાયણ ભાતખંડેનો સામાન્ય પરિચય.

પ્ર-૬. પ્રથમ અને બીજા વર્ષના રાગોનું પૂર્ણ વિવરણ એટલે કે તેના (આરોહ, અવરોહ, જાતિ, પકડ, વાદી, સંવાદી, મેલ, વર્જિત સ્વર, ગાવાનો સમય વગેરેની માહિતી સાથે.)

પ્ર-૭. પ્રથમ તથા બીજા વર્ષના તાલના ઠેકા (બોલ), માત્રા, ખાલી, સમ, ખંડ (વિભાગ) વગેરે હાથથી આપવાની તથા લખવાની ક્ષમતા.

પ્ર-૮. લખેલા સ્વરસમૂહ ઉપરથી રાગ ઓળખવાનું જ્ઞાન.
આરોહ, અવરોહ, પકડ, કોમળતીવ્ર, વર્જિત, જાતિ, વાદી-સંવાદી, પ્રકૃતિ રસ, ગાવાનો સમય, થાટ (મેલ) વગેરેની માહિતી સાથે.

# સંગીત મધ્યમા પ્રથમ (ત્રીજું વર્ષ) - ગાયન

કુલ ગુણ : ૨૦૦ ક્રિયાત્મક ગુણ : ૧૨૫ શાસ્ત્ર (લેખિત) ગુણ : ૭૫

નોંધ : માત્ર તાનપુરા પર ગાવું જોઈશે.

: ક્રિયાત્મક :

પ્ર-૧. રાગજ્ઞાન :

૧. રાગ સંખ્યા : ૮
શંકરા, અલ્હૈયા બિલાવલ, હમીર, તિલકકામોદ, પીલુ, કાલિંગડા, બહાર અને ભૈરવ તેના આરોહ- અવરોહ અને પકડ સાથે.

૨. ઉપરોક્ત દરેક રાગનો ઢંગદાર સ્વર વિસ્તાર કરતાં આવડવો જોઈશે.

૩. ઉપરોક્ત રાગોમાં દરેકમાં ઓછામાં ઓછો એક નાનો ખ્યાલ કરવો જરૂરી છે જેમાં બે ઝપતાલ અને બે દ્રુત એકતાલનો સમાવેશ કરવો અનિવાર્ય છે.

૪. ઉપરોકત રાગોમાંથી કોઈ પણ બે રાગમાં ધ્રુપદ ગીત અને બાકીના રાગોમાંથી કોઈ પણ બે રાગમાં ધમાર ગીત. ધ્રુપદમાં દુગુણ અને ચોગુણ સુધી તથા ધમારમાં દુગુણ સુધી ગાતાં આવડવું જોઈએ.

૫. રાગ ભૂપાલી અને યમન (કલ્યાણ)ના મોટા ખ્યાલ અને નાના ખ્યાલ તેની વિસ્તૃત ગાયકી સાથે દસથી પંદર મિનિટ સુધી ગાતાં આવડવાં જોઈશે.

૬. રાગ – ભીમપલાસી, બાગેશ્રી અને બિહાગના મોટા ખ્યાલની સ્થાયી અને અંતરાની માત્ર બંદિશ તાલબદ્ધ ગાતાં આવડવી જોઈશે.

૭. કોઈ પણ બે રાગમાં બે તરાના આવડવા જોઈશે.

૮. રાગ ઓળખ : અત્યાર સુધીના અભ્યાસક્રમમાં આવતા રાગોને આલાપ દ્વારા ઓળખવાનું જ્ઞાન.

પ્ર-૨. સ્વરજ્ઞાન : શુદ્ધ-વિકૃત સ્વરોનું જ્ઞાન અભ્યાસક્રમમાં આવતા રાગોમાં ત્રણ શુદ્ધ - વિકૃત સ્વરો એકસાથે ગાતાં તથા ઓળખતાં આવડવા જોઈએ.

પ્ર-૩. તાલ અને લયજ્ઞાન : વિલંબિત એકતાલ, સૂલતાલ (સૂરફાક), ધમાર અને દીપચંદી એટલા નવા તાલોનું જ્ઞાન તથા પાછળના બધા તાલોનું સંપૂર્ણ જ્ઞાન, બધા તાલોની માત્રા, બોલ, ખંડ, સમ, તાલી, ખાલી વગેરે સાથે. ધ્રુપદ અંગના તાલ તથા ધ્રુપદ ઠાય અને દુગુણમાં હાથેથી તાલ આપીને બોલતાં તેમજ લખતાં આવડવા જોઈશે.

પ્ર-૪. સુગમ સંગીત : કોઈ પણ બે ઋતુગીતો, બે લોકગીતો અને બે આધુનિક ગીતો કરવાં જોઈશે.

## : શાસ્ત્ર :

પ્ર-૧. નીચેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા :

શ્રુતિ, જનકમેલ, જન્યરાગ, ગ્રહ, અંશ, ન્યાસ, વક્રસ્વર, પૂર્વાંગ, ઉત્તરાંગ, પૂર્વરાગ, ઉત્તરરાગ, રાગોનું વર્ગીકરણ - શુદ્ધ, છાયાલગત્વ અને સંકીર્ણ, મીંડ, કણ અથવા સ્પર્શ સ્વરો અને ઠાય.

પ્ર-૨. નીચેના ગીત પ્રકારોની માહિતી :

ધમાર, મોટા ખ્યાલ, તરાના, ઠુમરી, ચતરંગ, ગઝલ

પ્ર-૩. નીચેના વિષયોનું સામાન્ય જ્ઞાન :

(અ) નાદ અને તેની ત્રણ વિશિષ્ટતાઓ :

નાદનું નાનામોટાપણું (Loudness)

ઊંચાનીચાપણું (Pitch)

જાતિ અથવા ગુણધર્મ (Timber)

(બ) વર્ણ : સ્થાયી, આરોહી, અવરોહી અને સંચારી.

પ્ર-૪. પં. ઓમકાનાથ ઠાકુર, ઉસ્તાદ ફૈયાઝખાં અને ઉસ્તાદ અલ્લાઉદ્દીનખાંનો ટૂંક જીવન પરિચય.

પ્ર-૫. આ વર્ષના તથા અત્યાર સુધી શીખેલા બધા જ રાગોની સંપૂર્ણ માહિતી અને વર્ણન.

પ્ર-૬. આ વર્ષના અત્યાર સુધી શીખેલા બધા જ તાલોનું સંપૂર્ણ વર્ણન તથા તેની દ્વુગુણ અને ચોગુણ લખવાની ક્ષમતા.

પ્ર-૭. આ વર્ષના રાગના ધ્રુપદ અથવા ધમાર લિપિબદ્ધ લખવાની ક્ષમતા. (કોઈ પણ એક)

પ્ર-૮. સમપ્રકૃતિક રાગોની તુલના.

પ્ર-૯ સ્વરસમૂહો દ્વારા અત્યાર સુધીના અભ્યાસક્રમના બધા જ રાગ ઓળખી શકવાની ક્ષમતા.

**નોંધ** : અગાઉના વર્ષોના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

# સંગીત મધ્યમા પૂર્ણ (ચોથું વર્ષ) - ગાયન

કુલ ગુણ : ૨૫૦ ક્રિયાત્મક ગુણ : ૧૭૫ શાસ્ત્ર (લેખિત) ગુણ : ૭૫

: ક્રિયાત્મક :

પ્ર-૧. રાગજ્ઞાન :

૧. રાગ સંખ્યા : ૮
ગૌડસારંગ, કામોદ, રાગેશ્રી, જયજયવંતી, દરબારી કાનડા, અડાણા, સોહની અને પૂર્વી તેના આરોહ - અવરોહ અને પકડ સાથે.

૨. ઉપરોક્ત દરેક રાગમાં ઢંગદાર સ્વર વિસ્તાર તેમજ સરળ તાનો સાથે ગાતાં આવડવું જોઈએ.

૩. ઉપરોક્ત દરેક રાગમાં એક મધ્યલયની ચીજ કરવી જોઈશે. જેમાં એક ઝપતાલની, એક રૂપકની અને એક દ્રુત એકતાલની ચીજ કરવી અનિવાર્ય છે.

૪. આ વર્ષના રાગોમાંથી કોઈ પણ બે ધ્રુપદ દુગુણ, તિગુણ અને ચૌગુણ સાથે તથા બે ધમાર દુગુણ અને ચોગુણ સાથે કરવા અનિવાર્ય છે.

૫. રાગ ભીમપલાસી, બાગેશ્રી અને બિહાગના મોટાખ્યાલ અને નાનાખ્યાલ તેની વિસ્તૃત ગાયકી સાથે ગાતાં આવડવા જોઈશે.

૬. રાગ અલ્હૈયા બિલાવલ, જયજયવંતી, સારંગ અને માલકૌંસના મોટાખ્યાલની સ્થાયી તથા અંતરાની માત્ર બંદિશ તાલબદ્ધ ગાતાં આવડવી જોઈશે.

૭. આ વર્ષના રાગોમાંથી કોઈ પણ રાગમાં ત્રણ તરાના.

૮. રાગ ઓળખ : અત્યાર સુધીના અભ્યાસક્રમમાં આવેલા બધા જ રાગો આલાપ દ્વારા ઓળખવાનું જ્ઞાન.

પ્ર-૨. સ્વરજ્ઞાન :

શુદ્ધ-વિકૃત સ્વરોનું પૂર્ણ જ્ઞાન. રાગમાં આવતા શુદ્ધ-વિકૃત ચાર સ્વરો એકસાથે ગાતાં તથા ઓળખતાં આવડે તેટલું જ્ઞાન.

પ્ર-૩. તાલ અને લયજ્ઞાન :

(૧) તિલવાડા, અદ્ધા, ધુમાળી, ખેમટો (હીંચ) આટલા નવા તાલો ઉપરાંત પાછલા વર્ષોના અભ્યાસક્રમમાંના બધા તાલો તેની માત્રા, બોલ, ખંડ, સમ, તાલી, ખાલી, વગેરે સાથે. ધ્રુપદ અંગના તાલો જેવા કે ચૌતાલ, ધમાર, તેવરા અને સૂલતાલની દુગુણ, તિગુણ, ચોગુણ હાથેથી તાલ આપીને બોલતા તથા લખતાં આવડવાં જોઈએ.

(૨) તાલવાદન : ત્રિતાલ, દાદરા, રૂપક આ તાલો તબલાં પર વગાડતાં આવડવા જોઈશે. (ઐચ્છિક)

પ્ર-૪. સુગમ સંગીત :

આધુનિક ગીતો, લોકગીતો, પ્રાર્થના ગીતો (હિન્દી - ગુજરાતી) અને પ્રાચીન ભજનો દરેકમાંથી એક એક પ્રકાર આવડવો જોઈશે.

## : શાસ્ત્ર :

**પ્ર-૧. નીચેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓ :**

આડી, ચલન, નાદ, શ્રુતિ, સ્વર, સપ્તક વગેરે અગાઉના પારિભાષિક શબ્દોની વિસ્તૃત માહિતી.

**પ્ર-૨. તાનો પ્રકાર :**

સરળતાન, કૂટતાન, મિશ્રતાન, સપાટતાન, જમજમા, ગમક, ફિરતતાન અને વક્રતાનનો સામાન્ય પરિચય.

**પ્ર-૩. નીચેના વિષયોનું જ્ઞાન :**

ધ્વનિ, ધ્વનિની ઉત્પત્તિ, કંપન, આંદોલન, આંદોલન સંખ્યા, નાદની ઊંચાઈ નીચાઈનો આંદોલન સાથે સંબંધ, સંવાદ, વિસંવાદ, વાદી સ્વરનો રાગના સમય સાથે સંબંધ, આંદોલનની પહોળાઈ અને તેનો નાદના નાના મોટાપણા સાથે સંબંધ, ખેંચેલા તારની લંબાઈનો નાદના ઊંચા-નીચાપણા સાથે સંબંધ, થાટ (મેલ) અને રાગના વિશેષ નિયમો.

પ્ર-૪. અત્યાર સુધી શીખેલા બધા જ રાગોની સંપૂર્ણ વિસ્તૃત માહિતી તથા વર્ણન અને તેના સ્વરવિસ્તાર તથા તાનો લખી શકવાની આવડત.

પ્ર-૫. ધ્રુપદ ગીત તથા ધમાર ગીતની ઠાય, અને દુગુણ લખવાની આવડત.

પ્ર-૬. અત્યાર સુધીના અભ્યાસક્રમમાં આવી ગયેલા બધા રાગો સ્વરસમૂહો દ્વારા ઓળખી શકવાની આવડત.

પ્ર-૭. સરખા રાગોની તુલના : તેમાં મળતાપણું અને જુદાપણું બતાવવું.

પ્ર-૮. ટપ્પા અને ઠુમરી ગીત પ્રકારનો પરિચય તથા ધ્રુપદ, ખ્યાલ, તરાના આદિ પ્રબંધોનું વિસ્તૃત જ્ઞાન.

પ્ર-૯ અત્યાર સુધી શીખેલા બધા તાલ દરેક કઈ ગાયકીમાં ઉપયોગી છે તેની માહિતી તથા હાથથી તાલ આપવાની અને લખવાની ક્ષમતા.

પ્ર-૧૦ જુદા જુદા રાગોમાં અલંકારો બતાવવાની ક્ષમતા.

**પ્ર-૧૧ નીચેના વિષયો ઉપર ૨૫ થી ૩૦ લીટીમાં નિબંધ :**

(૧) જીવનમાં સંગીતનું સ્થાન (૨) સંગીત પ્રચારનાં આધુનિક સાધનો

(૩) લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત

**પ્ર-૧૨ નીચેના ગાયક/વાદક કલાકારોનાં સંગીત ક્ષેત્રે યોગદાન :**

(૧) પં. જસરાજ

(૨) પં હરિપ્રસાદ ચૌરસિયા

(૩) પં. શિવકુમાર શર્મા

(૪) પં. કુમાર ગાંધર્વ

પ્ર-૧૩ ઉત્તર હિન્દુસ્તાની સંગીતનાં મુખ્ય ઘરાનાંનો ટૂંક પરિચય. :

**નોંધ** : - અગાઉના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

# ઉપાન્ત્ય વિશારદ (પાંચમું વર્ષ) - ગાયન

કુલ ગુણ : ૩૦૦ ક્રિયાત્મક ગુણ : ૨૦૦ શાસ્ત્ર (લેખિત) ગુણ : ૧૦૦

સૂચના : માત્ર તાનપુરા પર ગાવું જોઈશે. તેમ જ તાનપૂરો મેળવતાં પણ આવડવું જોઈએ. (ઇલેક્ટ્રોનિક તાનપુરા પર પણ ગાઈ શકાશે.)

**: ક્રિયાત્મક :**

પ્ર ૧. રાગ જ્ઞાન

૧. રાગ સંખ્યા : ૯
દેશકાર, છાયાનટ, સિંધોરા, ગૌડમલ્હાર, જોગીયા, બિભાસ, પૂરિયાધનાશ્રી, મુલતાની, હિંડોલ તેના આરોહ-અવરોહ અને પકડ સાથે.

૨. ઉપરોક્ત દરેક રાગમાં ઓછામાં ઓછી એક મધ્યલયની ચીજ જુદા જુદા તાલમાં સ્વતંત્ર બઢત (આલાપ – તાન – બોલતાન) સહિત ગાતાં આવડવી જોઈશે.

૩. ઉપરોક્ત રોગોમાંથી કોઈ પણ બે રાગમાં બે ધ્રુપદ ગીત અને બાકીના રાગોમાંથી કોઈ પણ બે રાગમાં બે ધમાર ગીત આવડવાં જોઈશે. ધ્રુપદ ગીતમાં ઠાય, દુગુણ, તિગુણ તથા ચોગુણ સુધી અને ધમાર ગીતમાં દુગુણ તથા ચોગુણ સુધી ગાતાં આવડવું જોઈશે.

૪. ખ્યાલ : રાગ સારંગ, આસાવરી (જૌનપુરી), માલકૌંસ, કેદાર, જયજયવંતી, ભૈરવ, છાયાનટ આ સાત રાગના બડાખ્યાલ અને મધ્યલયની ચીજ સ્વતંત્ર ઢંગદાર વિસ્તૃત ગાયકી સાથે ગાતાં આવડવા જોઈશે. આ ખ્યાલોમાં એક કે બે ખ્યાલ તિલવાડામાં કરવા જરૂરી છે.

૫. તરાના : કોઈ પણ બે રાગમાં બે તરાના ગીતો તૈયાર કરવાં જોઈશે.

૬. રાગઓળખ : અત્યારસુધી શીખેલા બધા જ રાગો આલાપ દ્વારા ઓળખવાની આવડત.

૭. આ વર્ષથી શીખેલા રાગોમાં મૌલિક આલાપ તથા તાનો બનાવતાં આવડવું જોઈશે.

પ્ર. ૨. સ્વરજ્ઞાન

૧. ત્વરિત ગતિમાં ગવાયેલા કોમળ, તીવ્ર, મિશ્રિત પાંચ સ્વર સુધી ઓળખતાં તથા ગાતાં આવડે તેટલું જ્ઞાન આવશ્યક છે.

પ્ર. ૩ તાલ અને લયજ્ઞાન

૧. પંજાબી, આડાચૌતાલ, ઝુમરા, મત્તતાલ આટલા નવા તાલો તથા પાછલા અભ્યાસક્રમના બધા તાલોનું વિસ્તૃત જ્ઞાન.

૨. તાલવાદન : મધ્યલય એકતાલ, ઝપતાલ, કહરવા, (હીંચ), ખેમટા. (ઐચ્છિક)

હાર્મોનિયમ વાદન : ૧. પ્રવેશિકા પ્રથમના બધા જ રાગો હાર્મોનિયમ પર વગાડતાં આવડવું જોઈએ.

## : શાસ્ત્ર :

**નીચેના વિષયોનું વિસ્તૃત જ્ઞાન :**

(૧) આધુનિક આલાપચારીની વિધિ, તાનોના જુદા જુદા પ્રકારોનું વિશેષ જ્ઞાન. આક્ષિપ્તિકા, વિદારી, સ્થાયી, મુખચાલન, જાતિગાયન, સન્યાસ, વિન્યાસ, ગાયક, નાયક તથા ગાયકી અને નાયકી તથા ગાયકવાદકના ગુણદોષોનું વર્ણન.

(૨) રાગોનો તુલનાત્મક અભ્યાસ. (સમપ્રકૃતિક રાગોની તુલના)

(૩) ગણિત દ્વારા જુદી જુદી લયમાં વિભાજન કરીને લખવાનો અભ્યાસ, જેમકે, બે માત્રામાં, ત્રણ માત્રા, ત્રણમાં બે માત્રા, એકમાં ત્રણ અને ત્રણમાં એક માત્રા વગેરે લયકારીનો અભ્યાસ હાથેથી તાલ આપીને તથા લખતાં આવડવા જોઈશે.

(૪) ચારેય વર્ષના અભ્યાસક્રમના સમપ્રકૃતિક રાગોમાં અલ્પત્વબહુત્વ તથા આવિર્ભાવતિરોભાવ વગેરે બતાવીને જુદા પાડવાની રીત, ગાઈ તેમ જ લખી બતાવીને આવડવી જોઈશે.

(૫) અત્યાર સુધીમાં શીખી ગયેલા ગીત પ્રકારો (પ્રબંધ)નું વિસ્તૃત જ્ઞાન.

(૬) ભારતના પ્રખ્યાત સ્વરાલાપ પદ્ધતિ (પં. વિષ્ણુનારાયણ ભાતખંડે તથા પં. વિષ્ણુદિગંબર પલુસ્કર સ્વરલિપિ પદ્ધતિ)નું જ્ઞાન.

(૭) પં. વ્યકંટમુખીના ૭૨ થાટની તથા ઉ. હિન્દુસ્તાની પદ્ધતિના ૩૨ થાટની ગણિત પ્રમાણે રચના, પ્રચલિત દસ થાટનાં નામ અને તેના સ્વરો લખવાની ક્ષમતા, રાગોના ત્રણ વર્ગ (રે, ધ કોમળવાળા, રે, ધ શુદ્ધવાળા તથા ગ, ની કોમળવાળા રાગ), રાગો ગાવાનું સમયચક્ર, અધ્વદર્શક સ્વર મધ્યમનું મહત્ત્વ, સ્વરસંવાદ (ષડજ – પંચમ તથા ષડજ – મધ્યમ ભાવ), ષડજ – પંચમની આંદોલન સંખ્યા તથા તેને આધારે બાકીના સ્વરોની આંદોલન સંખ્યા ગણિત દ્વારા કાઢવી, તારની લંબાઈ આપી હોય તો તે વડે આંદોલન સંખ્યા કાઢવાની રીત, એવી જ રીતે આંદોલન સંખ્યા આપી હોય તો તારની લંબાઈ કાઢવાની રીત (જો ષડજની નિશ્ચિત આંદોલન સંખ્યા અને તારની લંબાઈ આપી હોય), મધ્યકાળ તથા આધુનિક કાળના પંડિતોના શુદ્ધ તથા વિકૃત સ્વરોની તુલના અને તારની લંબાઈની મદદથી સ્વરસ્થાન નક્કી કરવાની રીત.

(૮) આ વર્ષના રાગોની ચીજો સ્વરલિપિમાં લખવાની ક્ષમતા.

(૯) નિબંદ માટેના વિષયો :

૧. સંગીત અને સાહિત્ય
૨. કેળવણીમાં સંગીતનું મહત્ત્વ
૩. રાગ અને રસ
૪. સંગીતમાં તાલનું મહત્ત્વ
૫. સંગીતની આવતીકાલની સમસ્યાઓ

(૧૦) સ્વામી હરિદાસ, તાનસેન, બૈજુ તથા ગોપાલ નાયકનાં જીવનચરિત્રો.

(૧૧) નીચેના ગાયક/વાદક કલાકારોના સંગીત ક્ષેત્રે યોગદાન.

૧. શ્રી રાતંજનકર, ૨. ઉ. બિસ્મિલ્લાખાઁ, ૩. શ્રી નિખિલ બેનર્જી ૪. ઉ.અલ્લારખાઁ, ૫. પં. કિશન મહારાજ

(૧૨) અગાઉના વર્ષોના અભ્યાસક્રમમાંથી વિગતો પણ પૂછી શકાશે.

# વિશારદ (છઠ્ઠું વર્ષ) - ગાયન

**(B.A. in Music or B. Mus.)**

કુલ ગુણ : ૫૦૦ ક્રિયાત્મક ગુણ : ૩૦૦ ક્રિયાત્મક શાસ્ત્ર (લેખિત) (પેપર-અ) : ૧૦૦
શાસ્ત્ર (લેખિત) (પેપર-બ) : ૧૦૦

સૂચના : (૧) માત્ર તાનપુરા પર જ ગાવું જોઈશે. તેમજ તાનપુરો મેળવતા પણ આવડવું જોઈશે. (ઈલેક્ટ્રોનિક તાનપુરા પર પણ ગાઈ શકાશે. પરંતુ શાસ્ત્રોક્ત તાનપુરા પર ગાનાર વિદ્યાર્થીને સવિશેષ માર્કસ આપવામાં આવશે.)

(૨) પોતાની કલ્પનાશક્તિથી આલાપ-તાન ગાઈ / વગાડી સ્વતંત્ર રજૂઆત કરે એ વિશેષ આવકાર્ય છે.

## : ક્રિયાત્મક :

પ્ર. ૧. રાગ જ્ઞાન :

૧. **રાગ સંખ્યા : ૯**
મિયાંમલ્હાર, મારવા, પૂરિયા, રામકલી, પરજ, શ્રી, વસંત, લલિત અને તોડી તેનાં આરોહ - અવરોહ તથા પકડ સાથે.

૨. ઉપરોક્ત દરેક રાગમાં મધ્યમલયની ચીજ તેના મૌલિક આલાપ, તાન બોલતાન સાથે જુદા જુદા તાલો જેવા કે, ત્રિતાલ, એકતાલ, ઝપતાલ વગેરેમાં સ્વતંત્ર અને ઢંગદાર રીતે ગાતાં આવડવી જોઈએ.

૩. **ધ્રુપદ :** ઉપરોક્ત રાગોમાં બે ધ્રુપદ અને બે ધમાર દુગુણ, તિગુણ તથા ચોગુણ સાથે ગાતાં આવડવા જોઈએ. તેમ જ નોમ્ તોમ્ દ્વારા મૌલિક આલાપ લેતાં આવડવું જોઈએ.

૪. **બડા ખ્યાલ :** દરબારીકાનડા, મિયાંમલ્હાર, ગૌડમલ્હાર, વસંત, ગૌડસારંગ, પૂર્વી, પૂરિયા, તોડી અને લલિત આ નવ રાગમાં મોટા ખ્યાલ વિલંબિત એકતાલ, તિલવાડા અને ઝૂમરામાં ગાતાં આવડવા જોઈએ. દરેક રાગમાં વિલંબિત અને મધ્યલયનો ખ્યાલ મળીને લગભગ ત્રીસ મિનિટ સુધી ગાયકીનાં ઢંગદાર અંગો સાથે ગાતાં આવડવા જોઈએ.

૫. **ઠુમરી :** પીલુ, ખમાજ, કાફી, ભૈરવી, તિલંગ, તિલકકામોદ, ઝીંઝોટી, પહાડી તેમ જ દેશ વગેરે રાગોમાંથી કોઈ પણ બે રાગમાં ઠુમરી ગાતાં આવડવી જોઈએ.

૬. **તરાણા :** આ વર્ષના રાગોમાંથી કોઈ પણ બે રાગમાં બે તરાણા તેની શૈલી મુજબ પાંચ મિનિટ સુધી ગાતાં આવડવો જોઈએ.

૭. માંડ, પહાડી, આસા, ઝીંઝોટી, ધાની વગેરે રાગોનું જ્ઞાન તથા દરેક રાગનું એક એક ગીત.

૮. ચતરંગ તથા ત્રિવટમાં એક એક ગીત.

૯. હાર્મોનિયમ વગાડવાનું જ્ઞાન આવશ્યક છે.

પ્ર. ૨ **સ્વરજ્ઞાન :**

કણ સ્વરો સાથે શુદ્ધ વિકૃત સ્વરોનું સંપૂર્ણ જ્ઞાન, કોઈ પણ ચીજની સ્વરલિપિ વાંચીને તરત ગાતાં તથા ચીજ સાંભળીને તેને તરત લિપિબદ્ધ કરતાં આવડે તેટલું જ્ઞાન.

પ્ર. ૩. સામાન્ય :

જુદા જુદા રાગોમાં જુદી જુદી રીતે તાનપૂરો મેળવવો, રાગ ઓળખવામાં નિપૂણતા, અલ્પતત્વ, બહુત્વ, આવિર્ભાવ, તિરોભાવ તથા સમતા - વિભન્નતા પ્રત્યક્ષ ગાઈને કરી બતાવવી. બધા જ રાગોનું પૂર્ણ જ્ઞાન તથા ખ્યાલ ગાયકીમાં મુખડું પકડવામાં જુદી જુદી લયકારીઓનું જ્ઞાન.

પ્ર. ૪. **તાલ અને લય જ્ઞાન :**

સવારી (પંદર માત્રાની), ગજઝંપા, બ્રહ્મતાલ આટલા નવા તાલો ઉપરાંત પાછળના અભ્યાસક્રમના બધા તાલોનું પૂર્ણ જ્ઞાન.

તાલવાદન - વિ. એકતાલ, ચૌતાલ, ધમાર તથા પ્રચલિત બધા તાલ તબલા પર વગાડતાં આવડવા જોઈએ.

## શાસ્ત્ર

**નોંધ :** આ વર્ષમાં બે પ્રશ્નોપત્રો રહેશે. બંનેમાં સરખા ગુણ રહેશે તેમ જ ઉત્તીર્ણ થવા માટે બંનેના કુલ ગુણ ગણાશે.

## પ્રશ્નપત્ર – ૧

**કુલ ગુણ : ૧૦૦**

### : ક્રિયાત્મક શાસ્ત્ર :

※ **નીચેના વિષયોની વિશેષ જાણકારી :**

(૧) નિબદ્ધ ગાયનના પ્રાચીન પ્રકારો :
પ્રબંધ, વસ્તુ, રૂપક વગેરે
અનિબદ્ધ ગાયનના પ્રકારો :
રાગાલાપ, રૂપકાલાપ, આલ્પ્તીગાન, સ્વરસ્થાન વગેરે.

(૨) રાગોનું તુલનાત્મક વર્ણન, મૌલિક આલાપ તથા તાનો બનાવવી, સમપ્રકૃતિક રાગોમાં મૌલિક આલાપ દ્વારા સમતા તથા વિભિન્નતા લખી શકવાની આવડત.

(૩) જુદા જુદા રાગોમાં અલ્પત્વ, બહુત્વ, આવિર્ભાવ – તિરોભાવ તથા બીજા રાગોની છાયાનું વર્ણન વગેરે કરીને તે પ્રમાણે આલાપ દ્વારા લખતાં આવડે તેટલું સ્પષ્ટ જ્ઞાન.

(૪) અભ્યાસક્રમમાંના બધા જ રાગોનું સંપૂર્ણ શાસ્ત્રજ્ઞાન.

(૫) આપેલા રાગોમાં નવી ચીજ બેસાડવી તથા આપેલ ચીજને યોગ્ય રાગ-તાલમાં બેસાડવાનું તથા ધૂન, સ્વરમાલિકા કે ગત બનાવતાં આવડે તેટલું જ્ઞાન.

(૬) વિશારદ સુધીના અભ્યાસક્રમમાં આવેલા બધા તાલો દુગુણ – તિગુણ – ચોગુણમાં લખવાનું જ્ઞાન.

(૭) વિશારદના રાગોમાંથી મોટા ખ્યાલ સંપૂર્ણ લિપિબદ્ધ લખવાની ક્ષમતા.

(૮) બંને સ્વરલિપિ પદ્ધતિનું સંપૂર્ણ જ્ઞાન તથા એક લિપિની ચીજ બીજી લિપિમાં સંપૂર્ણ ઢંગમાં લખી બતાવતાં આવડવું જોઈશે.

(૯) તાનોના વિવિધ પ્રકારનું વિસ્તૃત જ્ઞાન.

# પ્રશ્નપત્ર – ૨

કુલ ગુણ : ૧૦૦

## : સૈદ્ધાંતિક શાસ્ત્ર :

(૧) ગણિત દ્વારા એક થાટમાંથી ઉત્પન્ન થતા વધુમાં વધુ રાગોની માહિતી, શ્રુતિ- સ્વરની વહેંચણી સંબંધી પ્રાચીન, મધ્યકાલીન તથા આધુનિક રીત, ત્રણેય કાળના મુખ્ય ગ્રંથો તથા તેમાં પ્રદર્શિત કરેલા મતો સમતા તથા ભિન્નતા, મધ્યકાલીન, આધુનિક તથા પાશ્ચાત્ય સ્વરસ્થાનોની તુલના, હિન્દુસ્તાની સ્વરસપ્તકમાં મેજર, માઇનર તથા સેમિટોન, કર્ણાટકી સ્વર, રાગ અને તાલ પદ્ધતિમાં અને ઉત્તર હિન્દુસ્તાની સ્વર, રાગ અને તાલ પદ્ધતિમાં સમતા ભિન્નતા બતાવી, તેની તુલના કરવી, ગ્રામ તથા મૂર્છનાનું જ્ઞાન, કલાવંત, પંડિત, વાગ્ગેયકાર, બાની તથા તેના પ્રકારો (નૌહાર, ખંડહાર, ગોબરહારી, ડાગુર) તથા ગમકના પ્રકારોનું વર્ણન.

(૨) વિશારદ સુધીના અભ્યાસક્રમમાં આવેલા પારિભાષિક શબ્દોનું સંપૂર્ણ જ્ઞાન.

(૩) પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિકકાળ સુધીનો સંગીતનો સંક્ષિપ્ત ઇતિહાસ.

(૪) તાનપુરામાંથી ઉત્પન્ન થતા સહાયક નાદોનું જ્ઞાન તથા તેનું વર્ણન કરવું તથા શ્રુતિ સંબંધી વિશેષ જ્ઞાન.

(૫) રાગ–રાગિણી પદ્ધતિ, થાટ પદ્ધતિ તથા રાગાંગ પદ્ધતિનું સ્પષ્ટ જ્ઞાન તથા તેની સમલોચના કરવી.

(૬) **નિબંધના વિષયો :**

(૧) સંગીત કલા અને સંગીતશાસ્ત્રનો પરસ્પર સંબંધ,

(૨) સંગીતમાં ઘરાણા,

(૩) હિન્દુસ્તાની સંગીતના મુખ્ય સિદ્ધાંતો,

(૪) સંગીતના મુખ્ય ગ્રંથકારો,

(૫) ગીત-સ્વરરચનાના મુખ્ય નિયમો,

(૬) ભારતીય ગાયનશૈલીઓમાં આલાપચારીનું સ્થાન,

(૭) ભારતીય વાદ્યો અને તેનો વિકાસ,

(૮) રસ અને લયનો સબંધ,

(૯) સંગીતસમારોહની વિદ્યાર્થીઓ ઉપર અસર.

(૭) **જીવનચરિત્રો :**

(૧) જયદેવ, (૨) અમીર ખુશરુ, (૩) સદારંગ – અદારંગ, (૪) ભાસ્કરબુવા બખલે, (૫) વઝેબુવા, (૬) અલ્લાદિયાખાં, (૭) બાલકૃષ્ણબુવા, (૮) આદિત્ય રામજી, (૯) પન્નાલાલ ઘોષ, (૧૦) અબ્દુલ કરીમખાં તેમજ આધુનિક નામી કલાકારોનો ટૂંકો જીવનપરિચય.

(૮) વિશારદ સુધીના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

# સંગીત અલંકાર ભાગ-૧

## (ગાયન મુખ્ય - શાસ્ત્ર ગૌણ)

**(M.A. in music)**

કુલ ગુણ : ૭૦૦ ક્રિયાત્મક ગુણ : ૫૦૦ ક્રિયાત્મક શાસ્ત્ર (લેખિત) (પેપર-અ) : ૧૦૦
શાસ્ત્ર (લેખિત) (પેપર-બ) : ૧૦૦

### ગાયન મુખ્ય

સંગીત અલંકાર પ્રથમ તથા સંગીત અલંકાર પૂર્ણની પરીક્ષાઓમાં નીચે પ્રમાણે ગુણ વિભાજન રહેશે :

| | | |
|---|---|---|
| (૧) | સભા ગાયન | : ગુણ ૧૦૦ |
| (૨) | વિશારદ સુધીના અભ્યાસક્રમની વિશેષ (રાગાંગ) ગાયકી | : ગુણ ૧૦૦ |
| (૩) | સંગીત અલંકારના અભ્યાસક્રમની મૌખિક પરીક્ષા | : ગુણ ૨૫૦ |
| (૪) | લેખિત પ્રશ્નપત્ર (અ) ક્રિયાત્મક શાસ્ત્ર | : ગુણ ૧૦૦ |
| (૫) | લેખિત પ્રશ્નપત્ર (બ) સૈદ્ધાંતિક શાસ્ત્ર | : ગુણ ૧૦૦ |
| (૬) | અભ્યાસક્રમના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર અર્ધા કલાક માટે પ્રત્યક્ષ પ્રયોગિક વ્યાખ્યાન (Practical Demonstration) | : ગુણ ૫૦ |
| | **કુલ** | **: ગુણ ૭૦૦** |

**નોંધ :** ક્રિયાત્મક તેમજ શાસ્ત્રના દરેક પ્રશ્નપત્રોમાં અલગ અલગ ઉત્તીર્ણ થવું જરૂરી થવું જરૂરી છે. ઉત્તીર્ણ થવા માટે નીચે પ્રમાણે કક્ષા રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | વિશેષ યોગ્યતા | ૭૫ ટકા અને તેથી વધુ ગુણ |
| (૨) | પ્રથમ કક્ષા | ૬૦ ટકાથી ૭૪ ટકા સુધી ગુણ |
| (૩) | દ્વિતીય કક્ષા | ૫૦ ટકાથી ૫૯ ટકા સુધી ગુણ |
| (૪) | તૃતીય કક્ષા | ૩૫ ટકાથી ૪૯ ટકા સુધી ગુણ |

# સંગીત અલંકાર ભાગ-૧

(ગાયન મુખ્ય - શાસ્ત્ર ગૌણ)

## વિસ્તૃત અભ્યાસક્રમ

: ક્રિયાત્મક : ગુણ : ૨૫૦

**(૧) રાગ સંખ્યા : ૧૨**

નીચેના ૧૨ રાગોમાં સંપૂર્ણ ગાયકી જોઈશે. દરેક દરેક રાગમાં વિલંબિત લયમાં ઓછામાં ઓછો એક એક બડા ખ્યાલ તેમજ મધ્યલય / દ્રુતલયમાં ઓછામાં ઓછો એક-એક છોટા ખ્યાલ કરવાનો રહેશે.

| | |
|---|---|
| ૧. શુદ્ધકલ્યાણ | ૨. શ્યામકલ્યાણ |
| ૩. શુદ્ધસારંગ | ૪. દેશી |
| ૫. દેવગિરિબિલાવલ | ૬. યમનીબિલાવલ |
| ૭. સૂરમલ્હાર | ૮. મારૂબિહાગ |
| ૯. હંસધ્વનિ | ૧૦. મધુવંતી |
| ૧૧. જોગ | ૧૨. અહિરભૈરવ |

**નોંધ :**

(૧) કલ્યાણઅંગ, સારંગઅંગ, બિલાવલઅંગ, મલ્હારઅંગ, શ્રીઅંગ, ભૈરવઅંગ આ છ રાગાંગની વિસ્તૃત જાણકારી અને અધ્યયન કરવાના રહેશે.

(૨) વિલંબિત એકતાલ, ઝૂમરા, તિલવાડા, વિલંબિત ત્રિતાલ, આડાચૌતાલ વગેરે તાલમાં બડા ખ્યાલ તેમજ મધ્યલયની ચીજો ત્રિતાલ, દ્રુતએકતાલ, ઝપતાલ, રૂપક વગેરે તાલોમાં કરવાની રહેશે.

**(૨) રાગ સંખ્યા : ૧૦**

નીચેના દસ રાગોમાંથી કોઈપણ પાંચ રાગની સાધારણ ગાયકી જોઈશે. જ્યારે બાકીના પાંચ રાગોમાં સ્વરોનો સામાન્ય ખ્યાલ હોવો જરૂરી છે.

| | |
|---|---|
| ૧. ભિન્ન ષડ્જ | ૨. હંસકિંકણી |
| ૩. પટમંજરી (કાફી થાટની) | ૪. ગુણકલી (ભૈરવ થાટની) |
| ૫. જૈત કલ્યાણ | ૬. માલશ્રી |
| ૭. રામદાસી મલ્હાર | ૮. રેવા |
| ૯. સાંઝ | ૧૦. ભૂપાલતોડી |

**(૩) ધ્રુપદ - ધમાર :**

ઉપરના ૨૨ રાગોમાંથી કોઈપણ ત્રણ અલગ અલગ રાગોમાં ધ્રુપદ અને કોઈપણ ત્રણ અલગ અલગ રાગોમાં ધમાર, નોમ-તોમની આલાપચારી, દુગુણ, તિગુણ, ચોગુણ તેમજ આડી વગેરે લયકારીની બોલબાંટ સાથે કરવા જોઈએ.

**(૪) તરાના :**

ઉપરના રાગોમાંથી કોઈપણ ત્રણ ત્રણ અલગ - અલગ રાગોમાં તરાણા અને તેની ગાયકીની વિશેષતાઓ સાથે કરવા.

(૫) ઠુમરી :

ઠુમરીના રાગોમાંથી બે ઠુમરી (બડી ઠુમરી તથા બંદિશ ઠુમરી) તેની સંપૂર્ણ ગાયકી સાથે કરવાની રહેશે.

(૬) ટપ્પા :

ખમાજ, ભૈરવી અને કાફી એ ત્રણ રાગોમાંથી કોઈપણ એક રાગમાં ટપ્પા તથા તેની સાધારણ ગાયનશૈલીના જ્ઞાન સાથે કરવાનાં રહેશે.

(૭) તબલાંવાદન :

પ્રચલિત દરેક તાલ તબલાં પર વગાડતાં આવડવા જોઈએ.

(૮) હાર્મોનિયમ વાદન :

પ્રચલિત દરેક રાગ હાર્મોનિયમ પર વગાડતાં આવડવું જોઈએ.

(૯) સ્વરજ્ઞાન :

કોઈપણ પ્રકારની સ્વરરચનાનું જ્ઞાન, મીંડ અને કણયુક્ત આલાપનું ત્વરિત નોટેશન કરતાં આવડવું જોઈએ તથા અઘરા નોટેશનને વાંચી ત્વરિત સ્વર - લયમાં ગાતા / વગાડતા આવડવું જોઈએ.

(૧૦) તાલજ્ઞાન :

નવા તથા અપ્રચલિત તાલો શિખર તાલ, રુદ્રતાલ, ગારૂગી તાલ વગેરેની માહિતી આવડવી જોઈએ.

(૧૧) વિશેષ :

અપ્રચલિત તાલોમાં જેવાંકે મત્તતાલ (૧૧ માત્રા), સવારીતાલ (૧૫ માત્રા) અને ગજઝંપાતાલ તાલોમાં ઓછામાં ઓછી એક એક ચીજ (બંદિશ) આવડવી જોઈએ.

અભ્યાસક્રમના રાગોમાં અલ્પત્વ-બહુત્વ, આવિર્ભાવ- તિરોભાવ તેમજ સમાનતા વિભિન્નતા વગેરે ગાઈને કરી બતાવવી. ખ્યાલમાં વિવિધ મુખડાં લેવા, વિવિધ લયકારીનું જ્ઞાન અને સભા ગાયનની ખાસ તૈયારી સવિશેષ અપેક્ષિત છે.

ગુણ : ૧૦૦

(૧૨) લેખિત પ્રશ્નપત્ર (અ) ક્રિયાત્મક શાસ્ત્ર (રાગશાસ્ત્ર)

(૧) સંગીત અલંકાર - પ્રથમના રાગોના બડાખ્યાલ વિ. એકતાલ, તિલવાડા તથા ઝુમરા તાલમાં બંને પદ્ધતિથી લખતાં આવડવાં જોઈએ.

(૨) વિશારદ અને અલંકાર પ્રથમ એ બંને અભ્યાસક્રમના બધા જ રાગોનું વિસ્તૃત વર્ણન તેમજ તુલનાત્મક અધ્યયન, રાગાંગ પદ્ધતિથી આવડવું જોઈએ.

(૩) રાગોનું સ્વરૂપની બાબતમાં પ્રવર્તતા મતભેદોની જાણકારી હોવી જોઈએ.

(૪) અત્યાર સુધીના અભ્યાસક્રમનાં બધાં જ તાલોનું જ્ઞાન અને સૂક્ષ્મ લયકારીમાં ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી, ટપ્પા વગેરે પ્રબંધ પ્રકારો, બંને પદ્ધતિમાં નોટેશન સાથે લખવાનો અભ્યાસ હોવો જોઈએ.

(૫) રાગોમાં આવતી ખાસ શ્રુતિઓનું જ્ઞાન હોવું જોઈએ.

(૬) રાગનાં પ્રાચીન લક્ષણો અને આધુનિક લક્ષણોનો તફાવત આવડવો જોઈએ.

(૭) અગાઉના વર્ષોમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

(૧૩) લેખિત પ્રશ્નપત્ર (બ) સૈદ્ધાંતિક શાસ્ત્ર ગુણ : ૧૦૦

(૧) શ્રુતિ સ્વરોની ઉપયોગિતા.

(૨) શ્રુતિ સ્વરોની બાબતમાં આધુનિક સંશોધકોમાં પ્રવર્તતા મતભેદ.

(૩) બાર સ્વરો ઉપરાંત શ્રુતિ સ્વરો સમજાવવા અને પ્રચારમાં લાવવા કયા ઉપાયો લેવા જોઈએ. તેના વિષેનું અધ્યયન.

(૪) રાગ રચના અને તાલ રચના માટેના શાસ્ત્રીય સિદ્ધાંતોનું તારણ કાઢવું.

(૫) નવા નવા રાગો અને તાલ રચનાની ઉત્પતિ વિશેનો ખ્યાલ.

(૬) ટૂંકનોંધ : રવીન્દ્ર સંગીત, હવેલી સંગીત.

(૭) સર્જનાત્મક શક્તિ અને શાસ્ત્રની મર્યાદા બંનેનો પરસ્પર સંબંધ.

(૮) કર્ણાટક તાલ પદ્ધતિના ચિન્હો તેમજ તેની માત્રા, અણુદ્રુત અથવા વિરામ, દ્રુત, લઘુ, ગુરૂ, પ્લુત, કાકપદ, જાતિઓના તેમજ તાલના નામ જાતિભેદના આધાર પર ૩૫ તાલોનું સ્વરૂપ.

(૯) નાટ્યશાસ્ત્ર ગ્રંથનો પરિચય.

(૧૦) ધરાણાની વ્યાખ્યા તેમજ ધરાણાનું નિર્માણ, ધરાણાનું નામ તેમજ તેની વિશેષતાઓ

(૧૧) હાર્મોનિયમનો પરિચય અને એના ગુણદોષ.

(૧૨) શું તાનપુરામાંથી સાત સ્વરો ઉત્પન્ન થઈ શકે છે ?

(૧૩) અગાઉ વર્ષોમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

(૧૪) પ્રત્યક્ષ પ્રાયોગિક વ્યાખ્યાન માટેના વિષયો. ગુણ : ૫૦

(૧) ભારતીય સંગીત શ્રુતિ સ્વરો સિવાય અપૂર્ણ છે.

(૨) ઉત્તર હિન્દુસ્તાનની સંગીતનાં વિકાસ સાધવામાં ગ્રંથકારોનો ફાળો.

(૩) ઉત્તર હિન્દુસ્તાનની સંગીતનો વિકાસ સાધવામાં વંશપરંપરાગત ગાયકોનો ફાળો.

(૪) શાસ્ત્રીય સંગીત પ્રગતિને પંથે છે ?

(૫) સંગીતમાં ગુરુનું મહત્ત્વ.

(૬) મોગલયુગ સંગીતનો સુવર્ણયુગ.

(૭) સંગીત અધ્યયનમાં નડતી મુશ્કેલીઓ.

(૮) ભારતીય સંગીત તથા કોમીએકતા.

(૯) સંગીત પ્રશિક્ષણમાં ઈલેક્ટ્રોનિક સાધનોને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના પ્રયોગોનાં લાભાલાભ.

(૧૦) ગાયકીમાં કણ, સ્પર્શ, સૂત, મીંડ, ઠહેરાવ, મૂર્કી, ખટકા, લાગદાંટ, કાકુ પ્રયોગ, આર્વિભાવ-તરોભાવ, અલ્પત્વ-બહુત્વ વગેરેનું નિર્દેશન.

# સંગીત અલંકાર ભાગ-૨

## (ગાયન મુખ્ય - શાસ્ત્ર ગૌણ)

## (M.A. in music)

કુલ ગુણ : ૭૦૦ ક્રિયાત્મક ગુણ : ૫૦૦ ક્રિયાત્મક શાસ્ત્ર (લેખિત) (પેપર-અ) : ૧૦૦
શાસ્ત્ર (લેખિત) (પેપર-બ) : ૧૦૦

### ગાયન મુખ્ય

સંગીત અલંકાર પ્રથમ તથા સંગીત અલંકાર પૂર્ણની પરીક્ષાઓમાં નીચે પ્રમાણે ગુણ વિભાજન રહેશે :

| | |
|---|---|
| (૧) સભા ગાયન | : ગુણ ૧૦૦ |
| (૨) વિશારદ સુધીના અભ્યાસક્રમની વિશેષ (રાગાંગ) ગાયકી | : ગુણ ૧૦૦ |
| (૩) સંગીત અલંકારના અભ્યાસક્રમની મૌખિક પરીક્ષા | : ગુણ ૨૫૦ |
| (૪) લેખિત પ્રશ્નપત્ર (અ) ક્રિયાત્મક શાસ્ત્ર | : ગુણ ૧૦૦ |
| (૫) લેખિત પ્રશ્નપત્ર (બ) સૈદ્ધાંતિક શાસ્ત્ર | : ગુણ ૧૦૦ |
| (૬) અભ્યાસક્રમના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર અર્ધા કલાક માટે પ્રત્યક્ષ પ્રયોગિક વ્યાખ્યાન (Practical Demonstration) | : ગુણ ૫૦ |
| | **કુલ : ગુણ ૭૦૦** |

**નોંધ :** ક્રિયાત્મક તેમજ શાસ્ત્રના દરેક પ્રશ્નપત્રોમાં અલગ અલગ ઉત્તીર્ણ થવું જરૂરી થવું જરૂરી છે. ઉત્તીર્ણ થવા માટે નીચે પ્રમાણે કક્ષા રહેશે.

| | |
|---|---|
| (૧) વિશેષ યોગ્યતા | ૭૫ ટકા અને તેથી વધુ ગુણ |
| (૨) પ્રથમ કક્ષા | ૬૦ ટકાથી ૭૪ ટકા સુધી ગુણ |
| (૩) દ્વિતીય કક્ષા | ૫૦ ટકાથી ૫૯ ટકા સુધી ગુણ |
| (૪) તૃતીય કક્ષા | ૩૫ ટકાથી ૪૯ ટકા સુધી ગુણ |

# સંગીત અલંકાર ભાગ-૨

(ગાયન મુખ્ય – શાસ્ત્ર ગૌણ)

## વિસ્તૃત અભ્યાસક્રમ

### ક્રિયાત્મક

(૧) રાગ સંખ્યા : ૧૩

નીચેના ૧૩ રાગોમાં સંપૂર્ણ ગાયકી જોઈશે. દરેકે દરેક રાગમાં વિલંબિત લયમાં ઓછામાં ઓછો એક – એક બડાખ્યાલ તેમજ મધ્યલય / દ્રુતલયમાં ઓછામાં ઓછો એક – એક છોટા ખ્યાલ કરવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) પૂરિયા કલ્યાણ | (૨) ગોરખ કલ્યાણ |
| (૩) કોમળ રિષભ આસાવરી | (૪) બાગેશ્રી કાનડા |
| (૫) નાયકી કાનડા | (૬) બૈરાગી |
| (૭) કલાવતી | (૮) મધુકૌંસ |
| (૯) બિલાસખાંની તોડી | (૧૦) ચંદ્રકૌંસ |
| (૧૧) નંદ | (૧૨) મેઘ મલ્હાર |
| (૧૩) નટ | |

નોંધ :

(૧) આસાવરીઅંગ, કાનડાઅંગ, તોડીઅંગ, બહારઅંગ, દેશઅંગ, નટઅંગ આ છ રાગાંગની વિસ્તૃત જાણકારી અને અધ્યયન કરવાના રહેશે.

(૨) બડાખ્યાલ, વિલંબિત એકતાલ, ઝૂમરા, તિલવાડા, આડાચૌતાલ વગેરે તાલમાં તેમજ મધ્યલયની ચીજો ત્રિતાલ, દ્રુતએકતાલ, ઝપતાલ, રૂપક વગેરે તાલોમાં કરવાની રહેશે.

(૨) રાગ સંખ્યા : ૧૦

નીચેના ૧૦ રાગોમાંથી કોઈપણ પાંચ રાગની સાધારણ ગાયકી જોઈશે. જ્યારે બાકીના પાંચ રાગોના સ્વરોનો સામાન્ય ખ્યાલ હોવો જરૂરી છે.

| | |
|---|---|
| (૧) ગુર્જરી તોડી | (૨) નારાયણી |
| (૩) ખંભાવતી | (૪) ગારા |
| (૫) મદમાદ સારંગ | (૬) સામંત સારંગ |
| (૭) સાવની કલ્યાણ | (૮) માલગુંજી |
| (૯) શિવરંજની | (૧૦) મલુહાકેદાર |

(૩) **ધ્રુપદ – ધમાર :** ઉપરના ૨૩ રાગોમાંથી કોઈપણ ત્રણ અલગ અલગ રાગોમાં ધ્રુપદ અને કોઈપણ ત્રણ અલગ અલગ રાગોમાં ધમાર, નોમ્ – તોમ્‌ની આલાપચારી, દુગુણ, તિગુણ, ચૌગુણ તેમજ આડી વગેરે લયકારીની બોલબાંટ સાથે કરવા જોઈશે.

(૪) **તરાણા :** ઉપરના રાગોમાંથી કોઈપણ ત્રણ અલગ અલગ રાગોમાં તરાણા તેની ગાયકીની વિશેષતાઓ સાથે કરવા જોઈએ.

(૫) **ઠુમરી :** ઠુમરીના રાગોમાંથી સંગીત અલંકાર પ્રથમની બે ઠુમરી ઉપરાંત ત્રણ નવી ઠુમરી તેની સંપૂર્ણ ગાયકી સાથે કરવાની રહેશે.

(૬) **ટપ્પા :** ખમાજ, ભૈરવી અને કાફી એ ત્રણ રાગોમાંથી કોઈ પણ બે રાગમાં સંગીત અલંકાર પ્રથમના એક ટપ્પા ઉપરાંતના બે નવા ટપ્પા તેની સાધારણ ગાયનશૈલીના જ્ઞાન સાથે કરવાના રહેશે.

(૭) **તબલાવાદન :** પ્રચલિત દરેક તાલ તબલા પર વગાડતાં આવડવા જોઈએ.

(૮) **હાર્મોનિયમવાદન :** પ્રચલિત દરેક રાગ હાર્મોનિયમ પર વગાડતાં આવડવું જોઈશે.

(૯) **સ્વરજ્ઞાન :** કોઈપણ પ્રકારની સ્વરરચનાનું જ્ઞાન, મીંડ અને કણયુક્ત આલાપનું ત્વરિત નોટેશન કરતાં આવડવું જોઈએ તથા અઘરા નોટેશનને વાંચી ત્વરિત સ્વરલયમાં ગાતા / વગાડતા આવડવું જોઈએ.

(૧૦) **વિશેષ :** અપ્રચલિત તાલો જેવા કે રુદ્ર, લક્ષ્મી અને બ્રહ્મ આટલા તાલોમાં ઓછામાં ઓછી એક એક ચીજ (બંદીશ) આવડવી જોઈશે. અભ્યાસક્રમના રાગોમાં અલ્પત્વ – બહુત્વ, આવિર્ભાવ – તિરોભાવ તેમજ સમતા – વિભિન્નતા વગેરે ગાઈને કરી બતાવવી. ખ્યાલમાં મુખડું લેવાની વિવિધ લયકારીનું જ્ઞાનઅને સભા ગાયનની ખાસ તૈયારી સવિશેષ અપેક્ષિત છે.

**(૧૧) લેખિત પ્રશ્નપત્ર (અ) ક્રિયાત્મક શાસ્ત્ર (રાગ શાસ્ત્ર)**

(૧) સં. વિશારદ, સં. અલંકાર પ્રથમ અને સં. અલંકાર પૂર્ણ એ ત્રણેય અભ્યાસક્રમના બધાં જ રાગોનું વિસ્તૃત વર્ણન તેમજ તુલનાત્મક અધ્યયન રાગાંગ પદ્ધતિથી આવડવું જોઈશે.

(૨) રાગોના સ્વરૂપની બાબતમાં પ્રવર્તતા મતભેદોની જાણકારી હોવી જોઈશે.

(૩) અત્યાર સુધીના અભ્યાસક્રમના બધાં જ તાલોનું જ્ઞાન અને સૂક્ષ્મ લયકારીમાં ખ્યાલ, ધ્રુપદ – ધમાર, ઠુમરી, ટપ્પા વગેરે પ્રબંધ પ્રકારો નોટેશન સાથે લખવાનો અભ્યાસ હોવો જોઈશે.

(૪) રાગોમાં આવતી ખાસ શ્રુતિઓનું જ્ઞાન હોવું જરૂરી છે.

(૫) રાગનાં પ્રાચીન લક્ષણો અને આધુનિક લક્ષણોનો તફાવત આવડવો જોઈશે.

(૬) અગાઉના વર્ષોમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

**(૧૨) લેખિત પ્રશ્નપત્ર (બે) સૈદ્ધાંતિક શાસ્ત્ર**

(૧) પ્રાચીન શાસ્ત્રનો અભ્યાસ અને તેમાં આપેલા સંગીતના સિદ્ધાંતોનો વ્યવહારમાં કેટલો ઉપયોગ થઈ શકે છે તેની માહિતી.

(૨) સંગીત કલા અને સંગીત શાસ્ત્રનો સંબંધ, શાસ્ત્રમાં જનતાની રુચિ ઉત્પન્ન કરવા માટેના પ્રયત્નો.

(૩) શાસ્ત્રથી અલિપ્ત રહેતા કલાકારોની, તેમની તે માન્યતા માટેની ભૂમિકા

(૪) ભારતીય સંગીતમાં વૃન્દવાદન

(૫) પારિભાષિક શબ્દો : કાકુ, પંચપાણિ, સ્વર સાધારણ, વિસર્જિતમ.

(૬) ટૂંકનોંધ : સૌંદર્યશાસ્ત્ર અને કલા, ધ્વનિશાસ્ત્ર અને માઈક્રોફોન.

(૭) મતંગકૃત વૃહદેશીમાં શ્રૃતિ અને સ્વરના પરસ્પર સંબંધના વિષયમાં પ્રદર્શિત કરેલા સિદ્ધાંતો.

(૮) નગમાતે આસફી ઉર્દૂ પુસ્તકમાં રાગ રાગિણી પદ્ધતિ અને થાટ પદ્ધતિ વિષે કરેલ ઉલ્લેખ તેમજ ગ્રંથની માહિતી.

(૯) શ્રૃતિ સ્વરના ઈતિહાસમાં સંગીત પારિજાતનું યોગદાન.

(૧૦) ભારતીય તાલોને કર્ણાટક પદ્ધતિમાં અને કર્ણાટક તાલોને હિન્દુસ્તાની પદ્ધતિમાં લખવાનો મહાવરો.

(૧૧) હિન્દુસ્તાની તથા કર્ણાટકી સંગીતના પ્રચલિત પ્રબંધ પ્રકારોની તુલના.

(૧૨) અગાઉના વર્ષોમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

**(૧૩) પ્રત્યક્ષ પ્રાયોગિક વ્યાખ્યાન માટેના વિષયો**

(૧) સંગીતમાં ભાષાનું સ્થાન.

(૨) જનતાના મોટા ભાગમાં શાસ્ત્રીય સંગીતની રુચિ ઉત્પન્ન કરવી જરૂરી અને શક્ય છે ?

(૩) ઉત્તર હિન્દુસ્તાનની સંગીતની અસર (રાગોના રસ, ભાવ, કાવ્ય અને અવાજની લગાવટ વગેરે.)

(૪) પ્રબંધ પ્રકારોના ગુણદોષ, નૂતન ગાયન શૈલી નિર્માણ કરવાની જરૂરિયાત છે કે નહી ?

(૫) કલા માટે રિયાઝની અગત્યતા.

(૬) ભારતીય સંગીત પર સમયનો પ્રભાવ.

(૭) ભારતીય સંગીતમાં વિવિધતા.

(૮) ગુરુ - શિષ્ય પરંપરા તથા સંસ્થાકીય સંગીત શિક્ષણ.

(૯) સ્વર સાધના.

(૧૦) આલાપ તથા તાન નિર્માણ.

(૧૧) કોઈ પણ એક ઘરાનાની ગાયકી (ગાયન પદ્ધતિઓ)નું ઉદાહરણ સાથે નિર્દેશન.

# આરાધના સંગીત એકેડેમી

Established - 2001 Govt. Regd. - 2005

(International Recognised)

માન્યતા – યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર અને
ગુજરાત રાજ્ય સંગીત નાટક એકેડેમી, ગાંધીનગર નોંધણી નંબર 334
7, એસ. એમ. કમ્પાઉન્ડ, પંજાબ નેશનલ બેન્કની બાજુમાં, સેટેલાઈટ રોડ, અમદાવાદ-380 015,
ગુજરાત, ભારત, નોંધણી : E/17231 / અમદાવાદ
ફોન : 9898069350, 9265897818
e-mail : drmonicashah@gmail.com website : www.aradhanasangeetacademy.com


# સંગીત પ્રારંભિક - તબલા વાદન

## સંગીત પ્રારંભિક - તબલા

કુલ ગુણ : ૫૦ ક્રિયાત્મક ગુણ : ૪૦ શાસ્ત્ર (મૌખિક) ગુણ : ૧૦

તાલ સંખ્યા (૪) — ત્રિતાલ, ઝપતાલ, કેરવા, દાદરા

### : ક્રિયાત્મક :

(૧) ઉપરોક્ત તાલનાં ઠેકા તબલા પર બરોબર વગાડતાં આવડવા જોઈએ.

(૨) ઉપરોક્ત તાલના ઠેકા (તાલના બોલ) હાથથી તાલ સાથે મોઢેથી બોલતા આવડવા જોઈએ.

(૩) ઉપરોક્ત બધા તાલનાં માત્રા, ખંડ, તાલી, બાલીનું સ્પષ્ટ જ્ઞાન

(૪) ઉપરોક્ત તાલમાં આવતા વર્ણ (બોલ) તબલાના કયા સ્થાન પરથી વાગશે તે વગાડીને સમજાવીને બતાવવા.

### : શાસ્ત્ર :

(૧) તબલાના અંગોનું વર્ણન

(૨) ઉપરોક્ત તાલનાં ઠેકા લખવાની આવડત.

(૩) નીચેના શબ્દની પરિભાષાની (વ્યાખ્યા) જાણકારી.

લય, માત્રા, તાલ, સમ, તાલી, ખાલી, ખંડ, આવર્તન.

# સંગીત પ્રવેશિકા પ્રથમ (પ્રથમ વર્ષ) - તબલા

કુલ ગુણ : ૧૦૦ ક્રિયાત્મક ગુણ : ૮૦ શાસ્ત્ર (મૌખિક) ગુણ : ૨૦

### તાલ સંખ્યા (૭) — ત્રિતાલ, ઝપતાલ, મધ્યલય એકતાલ, કેરવા, દાદરા, રૂપક

### : ક્રિયાત્મક :

(૧) ઉપરોક્ત તાલના ઠેકા હાથથી તાલ આપીને બોલતા તથા તબલા પર વગાડતા આવડવું જોઈએ.

(૨) ત્રિતાલ, દાદરા, કેરવા - આટલા તાલનો બરાબર તથા દુગન લયમાં હાથતી તાલ સાથે બોલતા તથા તબલા પર વગાડતા આવડવું જોઈએ.

(૩) વિલંબિત, મધ્ય અને દ્રુત લયનું જ્ઞાન.

(૪) નીચેના વર્ણ (બોલ), તબલા પર વગાડીને બતાવવા જોઈશે : તા, ના, તીં, તીર, તૂન્ના, ધા ગે, ન, ત, નગ, કત્, કત્તા, તીરકીટ

(૫) ત્રિતાલ તથા ઝપતાલમાં બે પ્રકાર, બે સરળ કાયદા, એક મુખડો અને એક તિહાઈ.
(ત્રિતાલના કાયદામાં ત્રણ પલટા તથા તિહાઈ સાથે).

### : શાસ્ત્ર :

(૧) નીચેના પારિભાષિક શબ્દોનું જ્ઞાન :
લયના પ્રકાર (વિલંબિત, મધ્ય, દ્રુત), ઠેકા, મુખડુ, ટુકડા, સંગીત, નાદ, સ્વર, ખંડ (વિભાગ), દુગુન, કાયદા.

(૨) તબલાનાં અંગોનું વર્ણન :
દાયું, બાંયું, ગટ્ટા, વાધર દોરી, પુડી સ્થાહી, લવ (મેદાન), થાપ, ચાંટ, ગજરો, ઘર, કોઠી, કુંડી.

(૩) પં. ભાતખંડે તાલલિપિના ચિહ્નોનું જ્ઞાન.

(૪) તાલ તથા કાયદા લખવાની સામાન્ય આવડત.

# સંગીત પ્રવેશિકા પૂર્ણ (બીજું વર્ષ) - તબલા

કુલ ગુણ : ૧૫૦ | ક્રિયાત્મક ગુણ : ૧૨૫ | શાસ્ત્ર (મૌખિક) ગુણ : ૨૫

**તાલ સંખ્યા (૫) — રૂપક, ધુમાળી, ચૌતાલ, તેવરા, દીપચંદી**

### : ક્રિયાત્મક :

(૧) ઉપરોક્ત તાલ બરાબર તથા દુગુનમાં હાથથી તાલ આપીને બોલતા તથા તબલા પર વગાડતા આવડવા જોઈએ.

(૨) નીચેના બોલ તબલા પર વગાડવાની ક્ષમતા કડધા, કડાં ધા, ઘીડનગ, ધીરકીટ, તક, ત્રક, દિં, તા. કીટતક, ધીંના.

(૩) એકતાલ તથા ત્રિતાલ (મધ્યલય)માં બે પ્રકાર, બે કાયદા બે મુખડા, બે ટુકડા અને બે તિહાઈ વગાડવાનું જ્ઞાન.

(૪) તાલ ફેરવવાના ત્રણ પ્રકાર વગાડવાનું જ્ઞાન.

(૫) અભ્યાસક્રમમાં આવતા દરેક બોલ હાથથી તાલ આપી મુખપાઠ (બોલવા) કરવાનો અભ્યાસ.

(૬) એકતાલ તથા ત્રિતાલના કાયદામાં ચાર પલટા તથા તિહાઈ સાથે યોગ્ય પ્રસ્તુતિ કરવાનો અભ્યાસ.

### : શાસ્ત્ર :

(૧) દરેક તાલની શાસ્ત્ર માહિતી : માત્રા, ખંડ, તાલી, ખાલી, ખંડ, જાતિ, બાજ, ઉપયોગની જાણકારી.

(૨) પારીભાષિક શબ્દોનું જ્ઞાન : મુખડું, તિહાઈ, દુગુન, જર્બ, સમ, તાલી, ખાલી, ભરી, ખંડ, વિલંબિત, મધ્ય, દ્રુત, પ્રકાર, કાયદા.

(૩) તબલાનાં અંગોનું વર્ણન : દાયું, બાંયું, ગજરો, ઘર, દોરી, પુડી, સ્યાહી મેદાન (લવ), કિનાર (ચાંટી) થાપ, ગટ્ટા, કોઠી, કુંડી

(૪) દરેક તાલને બરાબર તથા દુગુનમાં તાલલિપિ પ્રમાણે માત્રા, ખંડ, સમ, તાલી, ખાલી બતાવીને લખવાનો અભ્યાસ.

(૫) તિહાઈ, મુખડાં, ટુકડાં વગેરે તાલલિપિ પ્રમાણે લખવાનો અભ્યાસ.

(૬) પં વિષ્ણુ દિગંબર પલુસ્કર તાલલિપિ વાંચીને બોલવા તથા વગાડવાનો અભ્યાસ.

# સંગીત મધ્યમા પ્રથમ (ત્રીજું વર્ષ) - તબલા

કુલ ગુણ : ૨૦૦ | ક્રિયાત્મક ગુણ : ૧૨૫ | શાસ્ત્ર (લેખિત) ગુણ : ૭૫

તાલ સંખ્યા (૪) — વિલંબિત એકતાલ, તિલવાડા, સૂલતાલ, દીપચંદી

: ક્રિયાત્મક :

(૧) ઉપરોક્ત તાલ બરાબર, દુગુન તથા ચોગુન લયમાં વગાડતા તથા તાલ સાથે મુખપાઠ કરી બોલતા આવડવા જોઈએ. (પાછલાં વર્ષના દરેક તાલ પણ આ રીતે તૈયાર કરવા).

(૨) દાદરા તથા કેરવામાં થોડા પ્રકાર, ત્રણ લઈ અને ત્રણ તિહાઈ લઈ સમ પર આવવાનો અભ્યાસ.

(૩) તાલલિપિ પ્રમાણે લખેલા બોલ વાંચીને બોલવાનો તથા વગાડવાનો અભ્યાસ.

(૪) ત્રિતાલ તથા એકતાલ (મધ્યલય)માં સ્વતંત્ર તબલા વાદન. ત્રણ કાયદા - પલટા તિહાઈ સાથે, રેલા, ટુકડા, પરન એકતાલમાં સમથી ત્રણ તિહાઈ.

(૫) વિલંબિત લયના તાલમાં મુખડા લઈ સમ પર આવવાનો અભ્યાસ.

(૬) અભ્યાસક્રમનાં અત્યારસુધીના બધા તાલમાંથી કોઈ પણ એક તાલમાં વધારે તૈયારીથી સ્વતંત્ર વાદનનો અભ્યાસ.

(૭) બંદિશ, ગીત અને ગત સાંભળીને સમ ઓળખવાનો અભ્યાસ.

નોંધ : આ વર્ષથી લહેરા સંગત સાથે વાદન - પરીક્ષા લેવામાં આવશે.

: શાસ્ત્ર :

(૧) અત્યાર સુધીના અભ્યાસક્રમના બધા તાલ દુગુન તથા ચૌગુનમાં લખતાં આવડવા જોઈએ.

(૨) ખ્યાલ, ધ્રુપદ વગેરે વિવિધ ગાયન શૈલીમાં ઉપયોગમાં આવતા તાલોનું જ્ઞાન.

(૩) નીચેના પારિભાષિક શબ્દોની વ્યાખ્યા :
ઉઠાન, કાલ, તિસ્ર, ચતસ્ર, ખંડ, મિશ્ર, સંકીર્ણ.

(૪) પં. ભાતખંડે તથા પં. વિષ્ણુ દિગંબર પલુસ્કરની તાલલિપિનું સંપૂર્ણ જ્ઞાન.

(૫) નીચેના પારિભાષિક શબ્દોનું ઉદાહરણ સહિત વ્યાખ્યાનું જ્ઞાન
રેલા, કાયદા, પરન, ટુકડા, મુખડા, મોહરા, તિહાઈ, દુગુન, તિગુન, ચૌગુન, લગ્ગી.

(૬) તબલાના બધા ઘરાના તથા તેના સ્થાપક મૂળ વ્યક્તિનાં નામની સામાન્ય જાણકારી.
કોઈ પણ એક ઘરાના તથા તેના બાજની વિગતવાર જાણકારી.

નોંધ : આગળના વર્ષોના અભ્યાસક્રમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

# સંગીત મધ્યમા પૂર્ણ (ચોથું વર્ષ) - તબલા

કુલ ગુણ : ૨૫૦ ક્રિયાત્મક ગુણ : ૧૭૫ શાસ્ત્ર (લેખિત) ગુણ : ૭૫

**તાલ સંખ્યા (૫) — અધ્ધા, જત, આડા ચૌતાલ, ઝૂમરા, ધમાર.**

**: ક્રિયાત્મક :**

(૧) ઉપરોક્ત તાલ બરાબર વગાડતા આવડવા જોઈએ.
(૨) વાદ્ય મેળવવાનું સામાન્ય જ્ઞાન
(૩) અત્યાર સુધીના બધા તાલ કઈ કઈ શૈલી માટે ઉપયોગી છે અને કઈ કઈ લયના છે તેનું જ્ઞાન.
(૪) વિલંબિત લયના તાલોમાં ઢંગદાર મુખડું લેવાનું જ્ઞાન
(૫) દરેક તાલ હાથથી તાલ આપીને બરાબર, દુગુન તથા ચૌગુન લયમાં બોલતા આવડવા જોઈશે. તેમજ દુગુન, તિગુન તથા ચૌગુનમાં લખતા આવડવા જોઈએ.
(૬) લખેલા બોલ વાંચી તેનું તબલા પર વાદન કરી બતાવવું.
(૭) ઝપતાલ તથા દાદરા આ બે તાલમાં વધારે તૈયારીથી સ્વતંત્ર તબલા વાદનની તૈયારી.
(૮) લખેલા બોલ વાંચી તેનું તબલા પર વાદન કરી બતાવવું.
(૯) ત્રિતાલમાં ચાર રેલા, પાંચ પ્રકારો, ત્રણ ચક્રદાર પરન, ત્રણ ટુકડા.
(૧૦) રૂપકમાં ત્રણ પ્રકાર અને બે તિહાઈ
(૧૧) ત્રિતાલ, ઝપતાલમાં પેશકારની સામાન્ય તૈયારી.

**: શાસ્ત્ર :**

(૧) જુદી જુદી લયકારીઓમાં ટુકડા તથા પરનો લખાવાનું જ્ઞાન.
(૨) વાદકના ગુણ અને દોષ, સંગતના નિયમો, જુદા જુદા ઘરાના અથવા બાજનું જ્ઞાન.
(૩) ઉપર્યુક્ત તાલોની તુલના તથા એકબીજાનો શો સંબંધ છે તેનું જ્ઞાન.
(૪) તાલના ૧૦ વર્ણોનું સંપૂર્ણ જ્ઞાન.
(૫) નીચેના પ્રખ્યાત તબલા વાદકોનો પરિચય.
પં. કિશન મહારાજ, ઉ. અલ્લારખાખાં, પં. અનોખેલાલ
(૬) અત્યાર સુધીના દરેક વાદનની સંપૂર્ણ માહિતી તથા દુગુન, ત્રિગુન અને ચૌગુનમાં બોલ લખતા આવડવા જોઈએ.

નોંધ : આગળના વર્ષોના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.

# સંગીત ઉપાન્ત્ય વિશારદ (પાંચમુ વર્ષ) - તબલા

કુલ ગુણ : ૩૦૦ ક્રિયાત્મક ગુણ : ૨૦૦ શાસ્ત્ર (લેખિત) ગુણ : ૧૦૦

**તાલ સંખ્યા (૬) — સવારી (૧૫ માત્રાની), પંજાબી, ટપ્પા, ગજઝંપા, મતતાલ, પરતો**

## : ક્રિયાત્મક :

(૧) ઉપરોક્ત તાલની શાસ્ત્ર માહિતી તથા વાદન કરવાની ક્ષમતા.

(૨) ત્રિતાલ ૨૦ મિનિટ, ઝપતાલ ૧૦ મિનિટ, એકતાલ ૧૦ મિનિટ સુધી સ્વતંત્ર વાદન કરવાની ક્ષમતા જેમાં તિહાઈ, મુખડા, ટુકડા પરન, કાયદા, રેલા ચક્રદાર વગેરેનો યોગ્ય સ્થાન પર પ્રયોગ કરી બતાવવો જરૂરી છે.

(૩) આડી, તિગુન, કુઆડ, લયના ટુકડા વગેરે વગાડવાનો અભ્યાસ.

(૪) ખ્યાલ અંગના બધા તાલમાં આઠ ગણી લય સુધી મુખડાં લેવા જોઈએ.

(૫) ખ્યાલ તથા ઠુમરીમાં યોગ્ય રીતે ઢંગદાર સંગતની કુશળતા.

(૬) નાના નાના મુખડા તથા સરળ ટુકડા જાતે બતાવવાનો અભ્યાસ.

(૭) લખેલા બોલ વાદ્ય પર વગાડવાનો અભ્યાસ.

(૮) દરેક તાલ ઢંગથી વગાડવા તથા તેમાં પેશકારનો પ્રયોગ કરી બતાવવો જરૂરી છે.

(૯) દાદરા, કેરવા અને દીપચંદી તાલમાં લગ્ગી તથા લડી વગાડવાનો અભ્યાસ.

## : શાસ્ત્ર :

(૧) કોઈ પણ ટુકડા અથવા પરનને જુદા જુદા તાલમાં ઉપયોગમાં લઈ બતાવવા તથા તેને તાલલિપિમાં લખી બતાવવા.

(૨) નવા નવા ટુકડા તથા તિહાઈ તથા રેલા લખવાનું જ્ઞાન.

(૩) નીચેના વિષયોનું જ્ઞાન :

ગ્રહ (સમ - વિષમ - અતીત - અનાગત)

તાલના ૧૦ પ્રાણ

પેશકાર, ચક્રધાર, ટુકડા, નૌહક્કા, સાથ, તિહાઈ, તિહાઈના પ્રકાર (દમદાર અને બેદમ) લગ્ગી, લડી.

(૪) નિબંધ : (૧) સંગીતમાં તાલનું મહત્ત્વ (૨) તબલા વાદન શા માટે પસંદ કર્યું. (૩) તાલ વાદ્યોનો ઈતિહાસ. (૪) વાદકનાં ગુણ દોષ. (૫) તબલાના રિયાઝ અંગેનું મંતવ્ય.

**નોંધ :** આગળના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્ન પૂછી શકાશે.

# સંગીત વિશારદ (છઠ્ઠું વર્ષ) - તબલા

કુલ ગુણ : ૫૦૦ ક્રિયાત્મક ગુણ : ૩૫૦ શાસ્ત્ર (લેખિત) ગુણ : ૧૫૦

**તાલ સંખ્યા (૭) – શિખરતાલ, બ્રહ્મતાલ, રૂદ્રતાલ, લક્ષ્મીતાલ, અષ્ટમંગલ, ફરોદસ્ત અને સવારી (૧૬ માત્રાની)**

## : ક્રિયાત્મક :

(૧) ઉપરોક્ત તાલોની શાસ્ત્રીય માહિતી તથા બધા જ તાલો વગાડતાં આવડવા જોઈશે.

(૨) ઉપરોક્ત દરેક તાલમાં બે તિહાઈઓ, બે મુખડા તથા મોહરા તથા ચાર પરનો વગાડતાં આવડવી જોઈશે.

(૩) લયનું પૂરું જ્ઞાન (અતિ વિલંબિત, અતિ દ્રુત) તેમજ ગાયન અને ગતમાં લહેરા બાંધ્યા હોય ત્યારે સાથ કરવો જોઈશે. તેમજ દરેક તાલમાં ગતની સાથે સમ પકડવાનું જ્ઞાન.

(૪) સ્વતંત્ર રીતે વગાડી શકાય તેવા બધા જ તાલ અર્ધો કલાક સુધી વગાડવા જોઈશે, વાદ્ય મેળવવાનું પૂરેપૂરું જ્ઞાન.

(૫) જુદી જુદી લયકારીઓ જેવી કે : ૧માં ૨, ૨માં ૧, ૨માં ૩, ૩માં ૨, ૩માં ૧, ૧માં ૩, ૩માં ૪, ૪માં ૩, ૪માં ૧, ૧માં ૪, ૪માં ૫, ૫માં ૪ વગેરેનું જ્ઞાન.

(૬) સંગત કરવાની પૂર્ણ તૈયારી, ઢંગદાર ટુકડા બનાવવા, તબલાંના જુદા જુદા ઘરાણાંની કેટલીક વિશિષ્ટતાઓ વગાડીને તેનો ભેદ સમજાવવો.

(૭) અગાઉના વર્ષોનાં તાલોમાં વિશેષ તૈયારી. ફરમાઈશથી, ચક્રદાર તથા અઘરા તાલોનું યોગ્ય જ્ઞાન.

## : શાસ્ત્ર :

(૧) આડ, કુઆડ, બિઆડ, ફરમાઈશી, ચક્રદાર, સવાગણી, પોણી (બરાબરની આડી), કર્ણાટકી પદ્ધતિના તાલના નિયમો તથા તે પદ્ધતિનું સાધારણ જ્ઞાન.

(૨) ભારતીય ઘન વાદ્યોનું સમુચિત જ્ઞાન. તબલા અને મૃદંગનો ક્રમિક ઇતિહાસ.

(૩) વિભિન્ન ઘરાણાં અથવા બાજ તથા તેમની વિશેષતા, પખાવજ અને તબલાંના બોલમાં અંતર, સ્વતંત્ર વાદન અને સંગતના પ્રયુક્ત બોલમાં અંતર તથા બંનેનું વિસ્તૃત વર્ણન.

(૪) અભ્યાસક્રમમાં ચાલેલા બધા જ તાલો કઈ જાતિના છે તથા તાલની જાતિ કેવી રીતે બને છે તેનું સવિસ્તર જ્ઞાન.

(૫) અભ્યાસક્રમ બધા જ તાલમાં દુગુણ. તિગુણ અને ચૌગુણ લખતાં આવડવું જોઈએ.

(૬) પૂરબ, દિલ્હી, અજરાડા અને ફરૂખાબાદ, આ ચાર બાજનું સામાન્ય જ્ઞાન.

(૭) પ્રાચીન અને અર્વાચીન ભારતના સ્વતંત્ર અને શ્રેષ્ઠ તબલાવાદકોનું જીવનચરિત્ર.

(૮) સંગીત, નાદ અને પ્રબંધો જેવા કે ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી, સુગમ, સંગીત વિશે સામાન્ય જ્ઞાન.

(૯) તબલાંના ઘરાણાંની ઉત્પત્તિ તથા તેની વિશિષ્ટતાનું સંપૂર્ણ જ્ઞાન.

(૧૦) પં. સામતાપ્રસાદ, પં. કંઠે મહારાજ, ઉસ્તાદ અહમદજાન થીરકવા, ઉસ્તાદ અમીરહુસેનખાં, પ્રેમવલ્લભ ઇત્યાદિ કલાકારોનો પરિચય.

**નિબંધના વિષયો :**

(૧) સંગત અને સ્વતંત્ર વાદનની વિશેષતા.

(૨) તાલમાં ખંડ, તાલી, ખાલી વગેરેનો ઉદ્દેશ.

(૩) મુખ્ય ઘન વાદ્યો અને તેની વિશેષતાઓ.

(૪) સ્વર અને લયનો સંબંધ.

(૫) તાલલિપિ માટે સર્વશ્રેષ્ઠ પદ્ધતિ

(૬) લયમાં ઉત્પન્ન થતા ભાવો

**નોંધ :** સં. પ્રારંભિક - તબલાથી સં. ઉપાન્ત્ય વિશારદ - તબલા સુધીના અભ્યાસક્રમમાંથી પણ પ્રશ્નો પૂછી શકાશે.